લોકસત્તા જનસત્તા | 07

શનિવાર ૨૬ નવેમ્બર ૨૦૧૬ વડોદરા

# પૌષક લિમિટેડ

CIN: L51909GJ1972PLC044638
રજીસ્ટર્ડ ઓફિસ: એલેમ્બિક રોડ, વડોદરા-૩૯૦૦૦૩.
ફોન: ૦૨૬૫-૨૨૮૦૫૫૦ ફેક્સ: ૦૨૬૫-૨૨૮૨૫૦૬
E-mail: paushak.investors@alembic.co.in Website: www.paushak.com

## નોટીસ

**(કંપનીના ઈક્વીટી શેર્સ ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ (IEPF) સસ્પેન્સ એકાઉન્ટમાં તબદીલ કરવા અંગે)**

આ નોટીસ ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ ઓથોરીટી (એકાઉન્ટીંગ, ઓડીટ, ટ્રાન્સફર એન્ડ રીફંડ) રૂલ્સ, ૨૦૧૬ કે જે ૭ સપ્ટેમ્બર ૨૦૧૬ થી અમલમાં આવ્યા છે, તેના અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવી છે. આ નિયમોમાં, અન્ય બાબતો ઉપરાંત એવા બધા જ શેરો કે જે શેરો ઉપર સતત સાત વર્ષો સુધી ડીવીડન્ડ ચૂકવાયું નથી કે શેરધારક દ્વારા માંગણી કરાઈ નથી તે IEPF સસ્પેન્સ ખાતામાં તબદીલ (ટ્રાન્સફર) કરવાની જોગવાઈ છે.

આ રૂલ્સમાં કરાયેલી વિવિધ જોગવાઈઓને વળગી રહીને, કંપનીએ જેમના શેર આ નિયમો અન્વયે IEPF સસ્પેન્સ ખાતામાં તબદીલ કરવાપાત્ર થાય છે તે લાગતા વળગતા બધા જ શેરહોલ્ડરોને વ્યક્તિગત રીતે યોગ્ય કાર્યવાહી કરવા જાણ કરી છે.

કંપનીએ આવા શેરધારકો અને IEPF સસ્પેન્સ ખાતામાં તબદીલ થવા પાત્ર શેર્સની પૂરી વિગતો પોતાની વેબસાઈટ www.paushak.com ઉપર મૂકી છે. શેરધારકોને વિનંતી છે કે વેબલીંક **http://www.paushak.com/unpaid-or-unclaimed-dividend.aspx** ઉપર ન ચૂકવાયેલા ડીવીડન્ડ અને જે શેર્સ IEPF સસ્પેન્સ ખાતામાં તબદીલ થવા પાત્ર છે તેની વિગતો ચકાસી લે.

જેમના શેર ફીઝીકલ સ્વરૂપમાં છે અને જે IEPF સસ્પેન્સ ખાતામાં તબદીલ થવા પાત્ર છે તેવા શેર ધારકોએ નોંધ લેવી કે નિયમોની જોગવાઈ અનુસાર કંપની તેમની પાસે રહેલા મૂળ (original) શેર સર્ટિફિકેટોને બદલે IEPF સસ્પેન્સ ખાતામાં તબદિલ કરવાના હેતુસર ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટો જારી કરશે અને આ રીતે જારી થયા બાદ તેમના નામમાં નોંધાયેલા મૂળ શેર સર્ટીફીકેટો આપોઆપ રદ્ થઈ જશે અને અપરક્રામ્ય (નોન-નીગોશીયેબલ) ગણવામાં આવશે. શેર ધારકોએ વધુમાં નોંધ લેવી કે કંપનીએ પોતાની વેબસાઈટ ઉપર મુકેલી વિગતો કંપની દ્વારા નિયમો અનુસાર IEPF સસ્પેન્સ ખાતામાં તબદીલ માટે ડુપ્લીકેટ શેર જારી કરવા માટે પૂરતી નોટીસ તરીકે ગણાશે અને લેવામાં આવશે.

જો ૫ ડીસેમ્બર, ૨૦૧૬ અથવા કંપની દ્વારા લંબાવવામાં આવેલી અન્ય તારીખ સુધીમાં સંબંધિત શેર ધારકો તરફથી કોઈ સુચના પ્રાપ્ત નહીં થાય તો નિયમોમાં કરાયેલી જોગવાઈના અનુપાલનમાં આ શેર્સ નિયત તારીખે તે નિયોમાં આપેલી કાર્યપધ્ધતિ પ્રમાણે IEPF સસ્પેન્સ ખાતામાં તબદીલ કરાશે.

શેર ધારકોએ નોંધ લેવી કે IEPF ઓથોરીટી/સસ્પેન્સ ખાતામાં તબદીલ થયેલા ન ચુકવાયેલા ડીવીડન્ડ અને શેર્સ અને તેમની ઉપર મળી શકતા બધા લાભો, જો કોઈ હોય તો, સહીત નિયમ પ્રમાણેની કાર્ય-પદ્ધતિ મુજબ IEPF ઓથોરીટી પાસેથી પરત મેળવી શકાય છે.

જો શેર ધારકોને આ વિષયમાં કે નિયમો અંગે કોઈ પ્રશ્ન હોય તો તેઓ કંપનીના રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ્સ મેસર્સ લીંક ઈન ટાઈમ ઈન્ડીયા પ્રા. લી. બી-૧૦૨-૧૦૩ શાંગ્રીલા કોમ્પ્લેક્સ, ૧લા માળે, રાધાકૃષ્ણ ચાર રસ્તા પાસે, અકોટા, વડોદરા : ૩૯૦ ૦૨૦. ફોન નં. ૦૨૬૫-૨૩૫૬૫૭૩, ૨૩૫૬૭૯૪ ઈ-મેલ : vadodara@linkintime.co.in નો સંપર્ક કરે.

**પૌષક લિમિટેડ વતી,**
સહી/-
ચરણદીપ સિંઘ સલુજા
ડેપ્યુટી કંપની સેક્રેટરી

સ્થળ: વડોદરા
તારીખ: ૨૫ નવેમ્બર ૨૦૧૬